પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-06-2024 **Midday : 1.20 to 1.30**
Day : Thursday **National News**

આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

****

✓પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી જમ્મુ કાશ્મીરની બે દિવસની મુલાકાતેઃ આજે એક હજાર પાંચસો કરોડ રૂપિયાનાં વિકાસ કાર્યોનાં શિલાન્યાસ અને લોકાર્પણ કરશે

✓આવતીકાલે 10મા યોગ દિવસ પ્રસંગે પ્રધાનમંત્રી શ્રીનગરમાં યોગ સત્રમાં ભાગ લેશે - અમેરિકા, દુબઇ અને બાંગલાદેશમાં ભારતીય દૂતાવાસોમાં કાર્યક્રમો યોજાશે

✓તામિલનાડુમાં ઝેરી શરાબ પીવાથી 33નાં મૃત્યુ - મુખ્યમંત્રી સ્ટાલિને સીઆઇડી તપાસનાં આદેશ આપ્યા

✓કેન્દ્રીય વિદેશ મંત્રી એસ જયશંકર શ્રીલંકાની સત્તાવાર મુલાકાતે કોલંબો પહોંચ્યાઃ દ્વિપક્ષીય મુદ્દાઓ પર મંત્રણા કરશે

✓ઝારખંડ સરકારનો રાજ્યમાં જાતિ આધારિત સંપૂર્ણ વસતિ ગણતરી કરાવવાનો નિર્ણય

✓ આઇસીસી ટી 20 વિશ્વકપમાં આજે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મુકાબલો

****

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

PM in Jammu Kashmir

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી જમ્મુ કાશ્મીરની બે દિવસની મુલાકાતે જશે. અહીં તેઓ રૂપિયા એક હજાર 500 કરોડથી વધુની 84 વિકાસ યોજનાઓનું શિલાન્યાસ અને ઉદઘાટન કરશે. જમ્મુ કાશ્મીર વહીવટી તંત્રએ પ્રધાનમંત્રીનાં આગમન પૂર્વે તમામ વ્યવસ્થા પૂર્ણ કરી લીધી છે.

ત્રીજી વાર પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા બાદ શ્રી મોદીની જમ્મુ-કાશ્મીરની આ પ્રથમ મુલાકાત છે. તેઓ કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો, માર્ગ પરિવહન, જળ પુરવઠો અને ઉચ્ચ શિક્ષણ અંગેની અનેક યોજનાઓનો શુભારંભ કરશે.

આવતી કાલે 10મા આંતરારષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે તેઓ શ્રીનગરનાં શેર-એ-કાશ્મીર ઇન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટરમાં આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે, જ્યાં તેઓ દેશ-દુનિયાને પોતાનો સંદેશો આપશે અને ત્યારબાદ યોગ સત્રમાં ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં ભારતીય દૂતાવાસમાં આવતીકાલે ઉજવાનાર યોગ દિવસના પગલે વોશિંગ્ટનમાં એકયોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. તો બાંગ્લાદેશમાં ભારતીય ઉચ્ચાવાસ ઢાકામાં આવતીકાલે યોગ દિવસ ઉજવશે. જેમાં બાંગ્લાદેશ યોગ સંસ્થા, ક્વોન્ટમ ફાઉંડેશન સહિત અન્ય યોગ સંસ્થાઓ ભાગ લેશે.

Tamlinadu accident

તમિળનાડુના કલ્લાકુરૂચિમાં કથિત ઝેરી દારૂ પીવાથી 32 લોકોના મૃત્યુ થયા છે અને 60 થી વધુ લોકો સારવાર હેઠળ છે. કલ્લાકુરૂચિના જિલ્લા ક્લેક્ટરની બદલી કરવામાં આવી છે અને જિલ્લા પોલીસ અધિક્ષક સહિત 10 કર્મચારીઓને ફરજ પરથી બરતરફ કરાયા છે. કથિત ઝેરી દારૂની હેરાફેરી કરનારને પકડી લેવામાં

આવ્યો છે અને 200 લીટર જેટલો ગેરકાયદેસર દારૂનો જથ્થો જપ્ત કરીને તપાસ માટે મોકલી દેવામાં આવ્યો છે.

તમિલનાડુના સ્વાસ્થ્ય મંત્રી એમ. સુબ્રમણ્યમે મિડિયાને સંબોધતા જણાવ્યું હતું કે, દારૂમાં મિથેનોલના વધારે પ્રમાણને કારણે લોકોના મોત નિપજ્યા છે. તેઓએ ઉમેર્યું કે, આ ઘટનાને પગલે ઉચ્ચસ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

TN-ASSEMBLY-SESSION.rtf

આજથી ચેન્નાઇમાં તમિલનાડુ વિધાનસભાનાં સત્રની શરૂઆત થઇ છે. ભૂતપુર્વ ધારાસભ્યો અને વર્તમાન ધારાસભ્ય પુગાઝેન્થીને શ્રધ્ધાંજલિ આપ્યા બાદ વિધાનસભાને આજનાં દિવસ માટે સ્થગિત કરવામાં આવી હતી.

રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ અપ્પાવુએ શ્રદ્ધાંજલિની નોંધ વાંચી હતી, ત્યારબાદ સભ્યોએ મૌન પાળી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આવતીકાલે દસ વાગ્યે વિધાનસભાની ફરીથી બેઠક મળશે. વર્તમાન સત્ર આ મહિનાની 29મી તારીખ સુધી ચાલશે.

JAISHANKAR---SRI-LANKA.rtf

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર શ્રીલંકાની સત્તાવાર મુલાકાતના ભાગરૂપે આજે કોલંબો પહોંચ્યા છે. જે દરમ્યાન શ્રી જયશંકર દ્વિપક્ષીય ભાગીદારીના વ્યાપક મુદ્દાઓ પર શ્રીલંકાના ટોચના નેતાઓ સાથે બેઠક કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી સરકારની રચના બાદ વિદેશ મંત્રીની આ પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત હશે.

ભારતની પાડોશી પ્રથમની નીતિનાં ભાગરૂપે આ મુલાકાત ભારતનાં નજીકના દરિયાઈ પાડોશી અને શ્રીલંકા પ્રત્યેની ભારતની સતત પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. આ મુલાકાત તમામ ક્ષેત્રોમાં કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સ અને અન્ય પરસ્પર લાભદાયક સહકારને વેગ આપશે.

JHARKHAND-CASTE-CENSUS.rtf

ઝારખંડ સરકારે રાજ્યમાં વ્યાપક જાતિ-આધારિત સર્વેક્ષણ માટે નિર્ણય લીધો છે. મુખ્ય પ્રધાન ચંપાઈ સોરેનની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

શ્રી સોરેન દ્વારા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SoP)ને અનુસરીને સર્વે હાથ ધરવા તંત્રને ખાસ સૂચનાઓ અપાઈ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જાતિ આધારિત સર્વેનો હેતુ માત્ર રાજ્યમાં વિવિધ સમુદાયોના વ્યાપનો અભ્યાસ કરવાનો નથી પરંતુ જુદા જુદા સમુદાયોને પડતી સામાજિક અને આર્થિક મુશ્કેલીઓનું વિશ્લેષણ કરવાનો છે.

ઝારખંડમાં જાતિ સર્વેક્ષણ પડોશી રાજ્ય બિહારના મોડલને અનુસરશે, જ્યાં ગયા વર્ષે 7 જાન્યુઆરીથી 2 ઓક્ટોબરની વચ્ચેઆંકડાકીય માહિતી એકત્ર કરાઈ હતી.

MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

REV. IMD-Weather

ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આગામી 5 દિવસ દરમિયાન પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં પણ સમાન સ્થિતિ રહેવાની આગાહી છે. હવામાન વિભાગે આગામી 5 દિવસ દરમિયાન

પેટા-હિમાલયના પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત, પૂર્વ ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં ગરમીની લહેરને લીધે આજથી રવિવાર સુધી ભીષણ ગરમીની સ્થિતિની સંભાવના છે.

કેરળમાં આ સપ્તાહના અંતમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહીને પગલે 210 કર્મચારીઓની બનેલી સાત NDRF ટુકડીઓ બચાવ અને રાહત કામગીરી માટે તમિલનાડુના અરક્કોનમ ખાતેના મુખ્યાલયથી કેરળ જવા રવાના થઈ છે. રાજ્ય સરકારની વિનંતીને પગલે ડેપ્યુટી કમાન્ડન્ટ શંકરા પાંડિયનની આગેવાની હેઠળની ટીમો કેરળ જવા રવાના થઈ છે..

Bhupendra Yadav Ek Pad

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભુપેન્દ્ર યાદવે આજે હરિયાણાના સુરજકુંડમાં ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો. આ પ્રસંગે શ્રી યાદવે પ્રદર્શનોનું નિરીક્ષણ કર્યું હતું.

કાર્યક્રમને સંબોધિત કરતા દિલ્હીના ઉપ રાજ્યપાલ વિનયકુમાર સક્સેનાએ જણાવ્યું કે, દિલ્હીમાં તાપમાન 52 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે અને પાણીનું સ્તર દરરોજ ઘટી રહ્યું છે, જે સૌ માટે ચિંતાનો વિષય છે. શ્રી સક્સેનાએ લોકોને આ અભિયાનનો ભાગ બનવા અને એક-એક છોડ વાવવાની અપીલ કરી હતી.

prsident dropadi murmu

આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો 66મો જન્મદિવસ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે તેમને શુભકામનાઓ પાઠવી છે. સોશિયલ મિડીયા પોસ્ટમાં પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું છે કે, રાષ્ટ્રપતિ મુર્મુની દ્રષ્ટાંતરુપ સેવા

અને સમર્પિતતા આપણને સૌને પ્રેરણા આપે છે. રાષ્ટ્રપતિ મુર્મુની જીવન યાત્રા કરોડો લોકોને આશા આપે છે.

દરમિયાન, રાષ્ટ્રપતિએ આજે સવારે નવી દિલ્હીમાં જગન્નાથ મંદિરની મુલાકાત લીધી હતી. સોશિયલ મિડીયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, તેમણે દેશવાસીઓનાં કલ્યાણ માટે અને રાષ્ટ્રની સતત પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.

Super Eights T20 World Cup

ICC T20 વિશ્વકપ સ્પર્ધામાં પુરૂષોની સુપર આઠ શ્રેણીમાં આજે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મેચ રમાશે. જ્યારે ગ્રૂપ 2ની સુપર 8 શ્રેણીમાં ઇંગ્લેન્ડ અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે અત્યારે સેન્ટ લુસિયા ખાતે મેચ રમાઈ રહી છે..

દરમિયાન ICC મેન્સ T20 વર્લ્ડ કપ ક્રિકેટમાં, દક્ષિણ આફ્રિકાએ ગ્રુપ 2ની મેચમાં ગઈકાલે અમેરીકાને 18 રનથી હરાવ્યું. 195 રનના લક્ષ્યાંકનો પીછો કરતા અમેરીકાએ 20 ઓવરમાં છ વિકેટે 176 રન બનાવ્યા હતા.

MINISTER SANJAY KUMAR VISIT KARIMNAGAR

કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી બંદી સંજય કુમારે મંત્રી બન્યા પછી પ્રથમ વખત પોતાના લોકસભા મત વિસ્તાર કરીમનગરની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે શ્રી સંજય કુમારે જણાવ્યું હતુંકે, તેઓ તેલંગાણાના શહીદોની આકાંક્ષાઓને પૂર્ણ કરીને રાષ્ટ્ર અને ધર્મની રક્ષા માટે પ્રયત્નશીલ રહેશે. શ્રી સંજય કુમારે વધુમાં ઉમેર્યું હતું કે, આ મતવિસ્તારમાં પરોપકારી મતદાતાઓ અને પક્ષનાં મહેનતુ કાર્યકર્તાઓનાં સમર્થનને લીધે તેઓ કેન્દ્રીય મંત્રી બની શક્યા છે.

શ્રી કુમારે ભૂતકાળનાં સંઘર્ષને યાદ કરતાં જણાવ્યું હતુંકે, અગાઉ BRS સરકાર સામેની લડતમાં તેમને અને કાર્યકરોને જેલમાં રાખવામાં આવ્યા. કાર્યકરો 150 દિવસો સુધી પરિવારથી દૂર રહ્યા હતાં. તેથી હું કેન્દ્રીય મંત્રી પદ કાર્યકર્તાઓને સમર્પિત કરું છું તેમ શ્રી કુમારે વધુમાં જણાવ્યું હતું.